ઊન ભીંડી બજારમાં ચીંદીના ગોડાઉનમાં ભીષણ આગ

દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતાં ભયનો માહોલ



સુરતઃ ઊન વિસ્તારમાં ચીંદી એટલે કે કાપડના માલનાં ગોડાઉનોમાં આગ લાગવાની ઘટનાઓ જાણે અટકવાનું નામ લેતી નથી. ઊનના ભીંડી બજાર પાસે આવેલા બંગાળી મોહલ્લામાં ચીંદીના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં દેખાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. આગના સમાચાર વાયુવેગે પ્રસરતાં ઘટનાસ્થળે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં.

ગોડાઉનમાં આગ લાગતાં જ સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને શહેરનાં અલગ-અલગ ફાયર સ્ટેશનમાંથી 10થી વધુ ફાયર ફાઈટરની ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ ઉપરાંત પોલીસનો કાફલો અને 108 એમ્બ્યુલન્સની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. ફાયર વિભાગની ટીમો દ્વારા આગને કાબૂમાં લેવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. આગના કારણે આસપાસના વિસ્તારમાં પણ ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. હાલમાં ગોડાઉનમાં આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી.

સુરત મહાનગરપાલિકામાં મેગા ભરતી

ચીફ ફાયર ઓફિસર સહિત વિવિધ ૧૪ સંવર્ગની કુલ ૧૨૯ જગ્યાઓ માટે અરજીઓ મંગાવાઈ



સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા વહીવટી, તબીબી અને ટેકનિકલ કામગીરીને વધુ સુદ્રઢ અને વેગવાન બનાવવાના હેતુથી વિવિધ સંવર્ગની કુલ ૧૨૯ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા તેમજ પ્રતીક્ષાયાદી તૈયાર કરવા માટે સત્તાવાર જાહેરાતો બહાર પાડવામાં આવી છે. સરકારી નોકરીની રાહ જોઈ રહેલા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સુરત મનપામાં જોડાવાની આ એક સુવર્ણ તક ઊભી થઈ છે.

આ સમગ્ર ભરતી પ્રક્રિયામાં સૌથી મહત્વપૂર્ણ જગ્યા ચીફ ફાયર ઓફિસરની છે. ભવિષ્યમાં ખાલી પડનાર બિનઅનામત કેટેગરીની આ ૧ જગ્યા માટે માન્ય યુનિવર્સિટીમાંથી ફાયર અથવા ફાયર એન્ડ સેફ્ટીમાં સ્નાતક (B.E./B.Tech/B.Sc) અથવા કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક સાથે નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો ડિવિઝનલ ઓફિસર કે ફાયર પ્રિવેન્શન કોર્સ પૂર્ણ કરેલો હોવો જરૂરી છે. આ ઉપરાંત ફાયર બ્રિગેડ ક્ષેત્રનો કુલ ૭ વર્ષનો અનુભવ (જેમાં સ્ટેશન ઓફિસર કે આસિસ્ટન્ટ ડિવિઝનલ ઓફિસર સમકક્ષ પદ પર ૩ વર્ષનો અનુભવ), નિયત શારીરિક માપદંડ અને મહત્તમ ૪૫ વર્ષની વયમર્યાદા નક્કી કરાઈ છે. ચીફ ફાયર ઓફિસર અને ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનીશ્યનની જગ્યાઓ માટે તા. ૧૮/૧૧/૨૦૨૬ થી તા. ૦૨/૧૨/૨૦૨૬ રાત્રે ૧૧:૦૦ કલાક સુધી ઓનલાઈન અરજી કરી શકાશે.

આ ઉપરાંત, ટાઉન પ્લાનિંગ વિભાગની ૬૯ જગ્યાઓ માટે તા. ૧૬/૧૧/૨૦૨૬ થી તા. ૩૦/૧૧/૨૦૨૬ સુધી ઓનલાઈન, જ્યારે સ્મીમેર હોસ્પિટલના ૧૫ વિભાગોમાં માનદ સુપર સ્પેશ્યાલિટી કન્સલટન્ટની ૨૫ જગ્યાઓ માટે આ જ સમયગાળા દરમિયાન ઓફ લાઈન અરજીઓ મંગાવાઈ છે. અન્ય ટેકનિકલ અને વહીવટી જગ્યાઓ માટે તા. ૦૯/૧૧/૨૦૨૬ થી તા. ૨૩/૧૧/૨૦૨૬ રાત્રે ૧૧:૦૦ કલાક સુધી ઓનલાઈન અરજી પ્રક્રિયા કાર્યરત છે.

કેડર મુજબ ખાલી જગ્યાઓની સંપૂર્ણ યાદી (કુલ ૧૨૯ જગ્યાઓ)

- આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર: ૫૫ જગ્યાઓ
- માનદ સુપર સ્પેશ્યાલિટી કન્સલટન્ટ (સ્મીમેર હોસ્પિટલ - ૧૫ વિભાગ): ૨૫ જગ્યાઓ
- ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનીશ્યન: ૧૭ જગ્યાઓ
- ડેપ્યુટી ટાઉન પ્લાનર: ૧૪ જગ્યાઓ
- આસિસ્ટન્ટ ઈજનેર (ઈન્સ્ટ્રુમેન્ટેશન): ૦૮ જગ્યાઓ
- સુપરવાઈઝર (ઈન્સ્ટ્રુમેન્ટેશન): ૦૨ જગ્યાઓ
- ચીફ ફાયર ઓફિસર: ૦૧ જગ્યા
- ડાયરેક્ટર (આઈ.ટી.): ૦૧ જગ્યા
- રેડીયોલોજીસ્ટ: ૦૧ જગ્યા
- પેથોલોજીસ્ટ: ૦૧ જગ્યા
- લીગલ ઓફિસર: ૦૧ જગ્યા
- વહીવટી અધિકારી (સુમન સ્કૂલ): ૦૧ જગ્યા
- ડિપાર્ટમેન્ટલ ઈન્ક્વાયરી ઓફિસર: ૦૧ જગ્યા
- ડેપ્યુટી ઈજનેર (ઈન્સ્ટ્રુમેન્ટેશન): ૦૧ જગ્યા

સંક્ષિપ્ત સમાચાર

વયસ્ક વામા વૃંદ, ટ્રસ્ટ સાથે 'બુઝુર્ગો કા હમસફર' કાર્યક્રમ યોજાયો



સુરત : ફેમિલી ફિઝિશિયન એસોસિએશન સુરતના લોકપ્રિય પ્રોજેક્ટ 'બુઝુર્ગો કા હમસફર'નું આયોજન તાજેતરમાં વ્યસ્ક વામા વૃંદ, ટ્રસ્ટ ના સભ્ય સાથે યોજાયો હતો. તેજલ શાહે આવકાર પ્રવચન આપ્યું હતું. પ્રીતિ મર્ચન્ટ, રુપલ પરીગર , વર્ષા સોલંકી, દ્વારા મહેમાનોનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉષા સીંગીએ સંસ્થાની ગતિવિધિ તેમજ સંસ્થાની ઉપયોગી માહિતી આપી હતી.વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણ ની ઉપયોગીતા વિશે માહિતી આપી હતી, વીતેલા જમનાનાં લોકપ્રિય ગીતો સુરમયી સફર ના ડો. સંજય શાહ , ડો. જયેશ તમાકુવાલા , ડો. દીપક- ઇલા તોરા વાલા તેમજ ડો. જયેન્દ્ર -પારુલ કાપડિયા દ્વારા રજૂ કરવામાં આવ્યા હતાં.

શ્યામ મંદિરમાં બાબા ખાટુ શ્યામનો જન્મોત્સવ ઉજવાયો



સુરતઃ વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર સુરતધામમાં દેવઉઠી એકાદશીના પવિત્ર અવસરે શુક્રવારે બાબા ખાટુ શ્યામનો જન્મોત્સવ ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે મંદિર પરિસરને રમકડાં, ચોકલેટ અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. બાબાનો વિશેષ શણગાર ડ્રાયફ્રૂટ્સની માળાઓથી કરવામાં આવ્યો હતો. મંગળા આરતીથી જ ભક્તોની લાંબી કતારો લાગી હતી, જે મોડી રાત સુધી ચાલુ રહી હતી. ભક્તોએ બાબાને નિશાન અર્પણ કરી મિલ્ક કેકનો ભોગ ધરાવ્યો હતો. દિવસભર ભક્તોએ ભજન-કીર્તન સાથે નાચી-ગાઈને જન્મોત્સવની ઉજવણી કરી હતી. આ અવસરે ટ્રસ્ટના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થાના સુચારુ સંચાલન માટે 200થી વધુ કાર્યકરોએ સેવા આપી હતી.

સુરતની એકતા પટેલે ડેડલિફ્ટ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જિત્યો



સુરતની એકતા મિહીર પટેલે સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા આયોજિત ગુજરાત સ્ટેટ વિમેન્સ એમ્પાવરમેન્ટ ડેડલિફ્ટ ચેમ્પિયનશિપ-2026માં શાનદાર સફળતા હાંસલ કરી છે. સ્પર્ધાની 52 કિગ્રા માસ્ટર મહિલા કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને એકતા પટેલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમની આ સિદ્ધિ સખત મહેનત, સતત અભ્યાસ અને મક્કમ મનોબળનું પરિણામ છે. એકતાની આ સફળતાથી સુરતનું ગૌરવ વધ્યું છે અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે અન્ય મહિલાઓને પણ રમતગમતમાં આગળ વધવાની પ્રેરણા મળી છે.

અંગદાનના મહાયજ્ઞમાં ન્યૂ સિવિલની ટીમનું સન્માન



સુરતઃ અંગદાનના મહાયજ્ઞને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર નવી સિવિલ હોસ્પિટલની ટીમનું અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.આ સેવાકીય કાર્યમાં દિવસ-રાત ખડેપગે રહેતી તબીબી ટીમનું આદરણીય દિલીપભાઈ દેશમુખ દાદાના હસ્તે મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. અઠવાલાઇન્સ સ્થિત બી-1 જીવન વિકાસ સોસાયટી, ગોકુલમ ડેરી નજીક યોજાયેલા સમારોહમાં તબીબી અધિક્ષક ડો. પારુલબેન વડગામા સહિત તબીબો, મેડિકલ ઓફિસરો, નર્સિંગ સ્ટાફ અને કાઉન્સેલરોનું બહુમાન કરાયું હતું. આ પ્રસંગે દિલીપભાઈ દેશમુખ દાદાએ જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતમાં મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરમસદ મેડિકલ કોલેજ સુધી સાયકલ રેલી યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને યુવાનોમાં ડ્રગ્સના દૂષણ સામે જાગૃતિ ફેલાવવા આ રેલી યોજાશે. આ ઉપરાંત વર્ષમાં બે વખત સુરતમાં કાર્યકરોની બેઠક યોજવા અને તબીબોની કોન્ફરન્સનું આયોજન કરવા પણ સૂચન કરવામાં આવ્યું હતું.

આજે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે તુલસી વિવાહનું આયોજન

સુરતઃ સુરતના ડુમસ રોડ પર લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમની સામે આવેલી સુપ્રસિદ્ધ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ૨૧ અને ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પવિત્ર 'દેવ પ્રબોધિની એકાદશી' અને 'સખડી બારસ' પર્વની ઉજવણી કરાશે. આ પાવન અવસરે વૈષ્ણવો માટે વિશેષ મનોરથ, તુલસી વિવાહ અને વિવિધ ઝાંખીના દર્શનનો ક્રમ જાહેર કરવામાં આવ્યો છે. શનિવારે સવારે મંગળા દર્શન, બાદ શ્રૃંગાર દર્શન, શ્રી ગિરિરાજજી મનોરથ, મંડપ દર્શન, રાજભોગ દર્શન, ઉત્થાપન દર્શન, દેવ ઉત્થાપન અને પંચામૃત અને રાત્રે તુલસી વિવાહ દર્શન રહેશે. તેમજ રવિવારે સખડી બારસના દર્શનનો કાર્યક્રમ પણ જાહેર કરાયો છે.

વાહે ગુરુ વાહે ગુરુ વાહે ગુરુ... પ્રકાશ પર્વ માટે ગુરુદ્વારા પર રોશની



ગુરુનાનક જયંતિ નિમિત્તે ભટારરોડનું ગુરુદ્વારા રોશનીથી ઝળહળી ઉઠ્યું છે. 24મી નવેમ્બરે શીખ અને સિંધી સમાજ દ્વારા આ પર્વની ઉજવણી કરવામાં આવશે. (તસવીર : હેમંત ડેરે)

ભટાર રોડ ખાતે શ્રી ગુરુ નાનકદેવજીના પ્રકાશ પર્વની ભવ્ય ઉજવણી

રવિવારે ગુરુદ્વારા સાહિબથી ભવ્ય શોભાયાત્રા નીકળશે

સુરતઃ ભટાર રોડ સ્થિત ગુરુદ્વારા શ્રી ગુરુ તેગબહાદુર સાહિબ ખાતે શ્રી ગુરુ નાનક દેવ મહારાજજીના 557મા પ્રકાશ ઉત્સવ (અવતાર ગુરપુરબ) ની શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આ ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવ 22 નવેમ્બર 2026 (રવિવાર) થી 24 નવેમ્બર 2026 (મંગળવાર) દરમિયાન યોજાશે, જેમાં ભાઈ રાગી રવિંદર સિંહ જલંધરવાલે વિશેષ ઉપસ્થિતિ આપશે. તા.22-11-2026 (રવિવાર) સવારે 6.00 વાગ્યે ગુરુદ્વારા સાહિબથી ભવ્ય શોભાયાત્રા નીકળશે, જે બ્રહ્મકુમારી આશ્રમ, ટર્નિંગ પોઈન્ટ, શ્રીરામ ચોક, સરેલાવાડી, વિવેકાનંદ પાર્ક, ગુરુદ્વારા ગુરુ રામદાસજી, જનતાનગર, અશોકા પેવેલિયન, કાપડિયા હેલ્થ ક્લબ અને યોગીકૃપા સોસાયટી-2 થઈ પરત ગુરુદ્વારા સાહિબ પહોંચશે. રાત્રે 9.30 વાગ્યેઃ શ્રી અખંડ પાઠ સાહિબજીનો આરંભ થશે. તા. 23-11-2026 (સોમવાર) સવારે 9.00 થી 9.30 વાગ્યા સુધી નિતનેમી સંગત દ્વારા કીર્તન યોજાશે. રાત્રે 9.00 વાગ્યે મધ સાહિબની આરતી કરવામાં આવશે. રાત્રે 9.30 થી 11.00 વાગ્યા સુધી કીર્તન-પ્રવચન યોજાશે. તા. 24-11-2026 (મંગળવાર) શ્રી અખંડ પાઠ સાહિબજીની સમાપ્તિ થશે. રાત્રે 10.30 થી 12.30 વાગ્યા સુધી ફૂલોની વર્ષા, વધાઈ, આતશબાજી અને પ્રસાદ વિતરણ થશે.

પાંડેસરામાં વકીલના ઘરેથી મોબાઇલ ચોરાયો

સુરત : પાંડેસરા વિસ્તારમાં ગોવાલક રોડ પર પોલીસ કોલોની પાસે આવેલા શાંતાનગર ખાતે મહેશકુમાર દેવેન્દ્ર મહતો (ઉં.વ. ૩૨) છેલ્લા વીસ વર્ષથી પરિવાર સાથે રહે છે.મૂળ બિહારના નાલંદા જિલ્લાના રહેવાસી મહેશકુમાર વકીલાતનો વ્યવસાય કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર ચાર મકાન ભાડે આપવામાં આવ્યા છે, જ્યારે તેઓ પોતાના માતા-પિતા સાથે પ્રથમ માળે રહે છે.ગત તા. ૧૬/૧૧/૨૦૨૬ના રોજ રાત્રે તેઓ જમ્યા બાદ રાત્રે સાડા બારેક વાગ્યાના અરસામાં મહેશકુમાર રૂમમાં સૂઈ ગયા હતા. આ દરમિયાન તેમણે પોતાનો કાળા રંગનો વીવો કંપનીનો મોબાઈલ ફોન રૂમના સોફા પર મૂક્યો હતો. જે સવારે ઉઠ્યા ત્યારે ચોરાઈ ગયો હતો.

સિટી લાઈટમાં પરિણીતાને ત્રાસ આપનારા સાસરિયા સામે ફરિયાદ

સુરતઃ સુરતના સિટી લાઈટ વિસ્તારમાં રહેતી ૩૧ વર્ષીય પરિણીતાએ પતિ, સાસુ, સસરા અને નણંદ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ, દહેજની માંગ અને છૂટાછેડાના દબાણ બદલ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ ૧૧ મે, ૨૦૨૩ના રોજ અઠવાલાઈન્સના રાધા-કૃષ્ણ મંદિર ખાતે પરિણીતાનાં લગ્ન નિકુંજ જરીવાલા સાથે થયાં હતાં. ચાર મહિના બાદ સાસરિયાં રસોઈ, ઘરકામ અને ભણતર મુદ્દે મહેણા મારી અપમાન કરતા હતા. પતિ શંકાશીલ સ્વભાવનો હોવાથી ફોન ચેક કરતો, જ્યારે પિયરમાંથી પૈસા લાવવાની માંગ અને સંતાન મુદ્દે ધમકી અપાતી હતી. ૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મારઝૂડ કરી દાગીના અને કરિયાવર પડાવી લઈ પહેરેલા કપડે કાઢી મુકાયા હોવાનો આક્ષેપ છે. હાલ સિટી લાઈટમાં મામા-મામીને ત્યાં રહેતી પરિણીતાએ પતિ નિકુંજ, સસરા પંકજકુમાર, સાસુ ચંદ્રિકાબેન અને નણંદ શિવાંગી દલાલ (રહે., શ્રુંગલ હોમ્સ ડી માર્ટની સામે, અલથાણ) સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એટ્રોસિટી કેસમાં કોર્ટે ત્રણ આરોપીનાં જામીન મંજૂર કર્યાં

સુરતઃ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એટ્રોસિટી સહિતના ગુનાના કેસમાં ત્રણ આરોપીને કોર્ટે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. ફરિયાદી પોતાની બાઈક લઈ પાનના ગલ્લે પાણીની બોટલ તેમજ વિમલ ખરીદી રહ્યા હતા. દરમિયાન ધર્મેશ ઉર્ફે દત્તુ પટેલે ધક્કો મારીને ફરિયાદી સાથે બોલાચાલી અને ઝઘડો કર્યો હતો, જાહેરમાં જાતિવિષયક અપશબ્દો બોલી ઢીકાપાટુની મારમારી હતી તેમજ ફરિયાદીના પુત્ર જયેશને ધારદાર ચપ્પુથી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઉપરાંત અનિકેત નાયકાએ ફરિયાદીના ભત્રીજા કિરણને ધારદાર ચપ્પુ વડે ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. આ કેસમાં અરજદાર આરોપી રિયાન ઉર્ફે બાબા ફારૂકભાઈ શેખ, મનીષ સોમાભાઈ નાણીયા, અનિકેત અશોકભાઈ નાયકાએ એડ્વોકેટ રોહન કે. પાનવાલા મારફતે જામીન અરજી કરી હતી. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી ત્રણેય આરોપીનાં જામીન મંજૂર કર્યાં હતાં.

કડવા પાટીદાર સમાજનો ૩૧મો સમૂહલગ્નોત્સવ



'બાળ જન્મ પ્રોત્સાહન અભિયાન'ના પ્રથમ લાભાર્થી દંપતીનું ભવ્ય જાહેર સન્માન

સુરતઃ કચ્છ કડવા પાટીદાર સમાજ ના દક્ષિણ ગુજરાત ઝોન સમાજ દ્વારા ૩૧મા સમૂહલગ્નોત્સવ - ૨૦૨૬ના પાવન અવસરે જાહેર કરવામાં આવેલ *'બાળ જન્મ પ્રોત્સાહન અભિયાન'* અંતર્ગત પ્રથમ લાભાર્થી દંપતીનું ભવ્ય જાહેર મંચ પરથી સન્માન કરી પ્રોત્સાહન રકમ અર્પણ કરવામાં આવી હતી.

સુરતના કુંભારીયા-મગોબ વિસ્તારમાં સ્થાયી થયેલા તથા મૂળ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના ઉખેડા ગામના વતની પરસોતમભાઈ સાંખલાના સુપુત્ર જીગ્નેશભાઈ સાંખલાના પરિવારમાં ગત મહિને ત્રીજા સંતાનનો જન્મ થતાં આ અભિયાનનો પ્રથમ લાભ પ્રાપ્ત થયો હતો.

પતિની માત્ર ૩૦,૦૦૦ આવક પત્નીએ માંગ્યા રૂપિયા ૩૫,૦૦૦

માગણી વધુ પડતી હોવાના અવલોકન સાથે પત્નીની અપીલ ફગાવાઈ

સુરતઃ ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળના એક કેસમાં પત્ની દ્વારા દાખલ કરાયેલી અપીલ અધિક સત્ર ન્યાયાધીશ ભાવેશ કે. અવાશીયાની કોર્ટે નામંજૂર કરી હતી. કોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા અગાઉ અપાયેલા ભરણપોષણ, મકાન ભાડા અને વળતરના હુકમને યોગ્ય અને વ્યાજબી ઠેરવી હુકમ કાયમ રાખ્યો હતો. આ કેસની વિગત મુજબ લિંબાયતમાં રહેતાં ૨૬ વર્ષીય અરજદાર પત્નીએ દિલ્હીના કરાવલ નગર ખાતે રહેતા ને વેલ્ડિંગનું કામ કરતાં પતિ વિરુદ્ધ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ-૨૦૦૫ની કલમ-૨૯ હેઠળ ફરિયાદ કરી હતી. આ કેસમાં ટ્રાયલ કોર્ટે પત્નીને માસિક રૂ.૩,૦૦૦ ભરણપોષણ, માસિક રૂ.૩,૦૦૦ મકાન ભાડું અને રૂ.૫,૦૦૦ વળતર ચૂકવવાનો પતિને હુકમ કર્યો હતો. જે હુકમની સામે પત્નીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. અરજદાર પક્ષે દલીલ કરી હતી કે, ટ્રાયલ કોર્ટે ભાડા કરાર અને ખર્ચની વિગતો ધ્યાને લીધી નથી તેમજ વર્તમાન મોંઘવારીમાં આ રકમ અપૂરતી છે. અપીલમાં ભરણપોષણ પેટે માસિક રૂ.૨૫,૦૦૦ (અરજદાર માટે રૂ.૧૫,૦૦૦ અને સગીર દીકરી માટે રૂ.૧૦,૦૦૦) તથા મકાન ભાડા પેટે રૂ.૧૦,૦૦૦ મળી કુલ રૂ.૩૫,૦૦૦ ચૂકવવાનો આદેશ કરવા માંગણી કરાઈ હતી. આ અપીલની સુનાવણી પૂર્ણ થયાં બાદ સેશન્સ કોર્ટે નોંધ્યું હતું કે, અરજદારે રજૂ કરેલા ભાડા કરાર મુજબ માસિક રૂ.૨,૫૦૦ ભાડાની વિગત હોવા છતાં ટ્રાયલ કોર્ટે માસિક રૂ.૩,૦૦૦ ભાડું ચૂકવવાનો હુકમ કર્યો છે, જે ભાડા કરારની રકમ કરતાં વધુ અને વ્યાજબી છે. અરજદાર તરફથી પતિ વેલ્ડિંગના કામથી માસિક રૂ.૩૦,૦૦૦ અને ખેતીની જમીનથી વાર્ષિક રૂ.૧,૮૦,૦૦૦ કમાતા હોવાનું જણાવાયું હતું, પરંતુ તેની આવક કે જમીન અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ થયા નહોતા. પતિ દિલ્હી જેવા મહાનગરમાં રહીને પોતાની અને માતાની ભરણપોષણની જવાબદારી નિભાવી રહ્યા છે, જ્યાં જીવનજરૂરી ખર્ચ વધુ હોઈ શકે છે. આ સંજોગોમાં રૂ.૩૫,૦૦૦ની માંગણી વધુ પડતી અને અસહ્ય જણાઈ હતી અને પત્નીની માંગણીની અપીલ કોર્ટે ફગાવી દીધી હતી.

તુલસી વિવાહ **જૂના અંબાજી મંદિરના પ્રાંગણે રચાશે ઐતિહાસિક તુલસી વિવાહનો દિવ્ય મહોત્સવ**

તુલસીમાતા માટે ત્રણ કિલોના ચણિયાચોળી

સોના-હીરા જડિત સુવર્ણ આભા ધરાવતા કલાત્મક રથમાં બિરાજમાન થઈ 'લાલજી'નો નીકળશે ભવ્ય વરઘોડો





સોળે શણગાર સજી તુલસી માતા મંડપમાં પધારશે

જ્યારે લાલજી ભગવાનનો આ દિવ્ય મનોરથ વાજતે-ગાજતે જૂના અંબાજી મંદિરના ચોગાનમાં પહોંચશે, ત્યારે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જશે. અહીં સોળે શણગાર સજીને વરમાળા પહેરાવવા આતુર તુલસી માતાજી સાથે ઠાકોરજીના હસ્તમેળાપ થશે. તુલસી માતાના દિવ્ય શણગાર માટે ખાસ ૩ કિલોગ્રામ વજનના અત્યંત આકર્ષક ચણિયાચોળી તૈયાર કરવામાં આવ્યા છે, જે ધારણ કરીને માતાજી વિવાહ મંડપમાં પધારશે. ત્યારબાદ વિદ્વાન ભૂદેવોના મંત્રોચ્ચાર અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે આ દિવ્ય વિવાહ સંપન્ન થશે.

સુરતઃ અંબાજીરોડના અતિ પ્રાચીન અને ઐતિહાસિક જૂના અંબાજી માતાજીના મંદિરે આવતીકાલે ભક્તિ, શ્રદ્ધા અને ભવ્યતાના ત્રિવેણી સંગમ સમાન અનોખા 'તુલસી વિવાહ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે ભગવાન શ્રીકૃષ્ણ (લાલજી મહારાજ)નો રાજવી ઠાઠમાઠ સાથેનો વરઘોડો સમગ્ર વિસ્તારમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આવતીકાલે સાંજે ૫:૦૦ કલાકે શ્રી ભુવનેશ્વરી માતાજી મંદિર સ્થિત કૃણાલભાઈના નિવાસસ્થાનેથી લાલજી ભગવાનની ભવ્ય શાહી સવારી પ્રસ્થાન કરશે. અસલી રત્નો અને સુવર્ણ આભૂષણોથી સુસજ્જ થઈને ઠાકોરજી સોના-હીરા જડિત જેવી સુવર્ણ આભા ધરાવતા અત્યંત કલાત્મક ઘોડાગાડી (બગી) રૂપી રથમાં બિરાજમાન થઈને જૂના અંબાજી મંદિરે પધારશે.

કલાત્મક રથની અનોખી વિશેષતાઓ

આ પ્રસંગ માટે તૈયાર કરાયેલો રથ કારીગરીનો ઉત્તમ નમૂનો છે. શુદ્ધ પિત્તળમાંથી નિર્મિત આ રથ પર ઝીણવટભરી મીનાકારી, રંગબેરંગી કીમતી સ્ટોન તેમજ માતા મહાલક્ષ્મીજીની સુંદર કલાકૃતિ કંડારવામાં આવી છે. આ સમગ્ર રથનું કુલ વજન ૫.૬૬૭ કિલોગ્રામ છે, જેમાં રથને શોભાવતા અશ્વ (ચેતક ઘોડા)નું વજન ૧.૫૦ કિલોગ્રામ છે.

જાહેર નિવિદા નં. ૩૧ સને ૨૦૨૬-૨૭
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

આથી કાર્યપાલક ઇજનેર. સિંચાઈ યોજના વિભાગ નં-૪.કરજણ વહીવટી સંકુલ. રાજપીપળા-૩૯૩૧૪૫. ફોન નં (૦૨૬૪૦) કચેરીથી દ્વારા નીચેનાં કામ " પ્રોવાઈડીંગ કન્સલ્ટન્સી સર્વિસીસ ફોર સોઇલ ઇન્વેસ્ટીગેશન સ્ટ્રકચરલ એનાલિસિસ એન્ડ ડિઝાઇન વિથ ડ્રોઇંગ અસ આઈ.એસ. કોડસ્. પ્રીપેરશન ઓફ ડિટઈલ્ડ એસ્ટીમેટ્સ. બી.ઓ.ક્યુ. એન્ડ ટેકનિકલ ડોક્યુમેન્ટ અલંગ વિથ કમ્પ્લીટ ડિઝાઇન એન્ડ ડ્રોઇંગ ફોર કન્સ્ટ્રક્શન ઓફ ઓફિસ બિલ્ડીંગ ઇરીગેશન રાજપારડી કોલોની ભરૂચ." માટે ગુજરાત રાજ્યનાં માર્ગ અને મકાન વિભાગ તથા નર્મદા જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી નીચેનાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૪,૧૬,૫૦૦/- છે. ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૭.૧૧.૨૦૨૬ અને પરત લેવાની છેલ્લી તા.૦૨.૧૨.૨૦૨૬. ટેન્ડર તારીખ ખોલવાની તા.૦૩.૧૨.૨૦૨૬.

માહિતી/નર્મદા/૩૭૮/૨૦૨૬-૨૭

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી
CINU40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

ક્રમ	સબ સ્ટેશનનું નામ	ફિડરનું નામ	સબ ડિવિઝનનું નામ	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ અને વાર	સમય
૧	દ૬ કેવી દધેડા	૧૧ કેવીના તમામ ફીડર	અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ	૮૯૦૮૦૩૯૨૯	૨૫.૧૧.૨૦૨૬ બુધવાર	૦૯.૦૦ થી ૧૬.૦૦
૩	અંકલેશ્વર-બી	૨૨ કેવીના તમામ ફીડર	અંકલેશ્વર જી.આઈ.ડી.સી	૯૮૭૯૨૦૧૬૬૭	૨૪.૧૧.૨૦૨૬ મંગળવાર	૦૭.૦૦ થી ૧૫.૦૦
૪	અંકલેશ્વર-ડી	૧૧ કેવીના તમામ ફીડર				

કામ પુર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક),અંકલેશ્વર

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો"